સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

આમેય આંખ પર માયા વળગેલી જ હતી,
દેખાતું નથી ત્યારેય નજર તો બગડેલી જ હતી,
બગડેલી હતી જિંદગી જોયું છે ખૂલ્લી આંખે -
દેખાય છે હવે બંધ આંખે, સમજ સળગેલી જ હતી.

હાઈકુ

છે હડતાલ
સૂનકાર દૂકાને
તાળાં દૂકાને

પાડે ખલેલ
સૂનકારી તમરાં
શાંતિનો ભંગ

ચિંતન

પરસ્ય પીડયા લબ્ધં ધર્મસ્યોલ્લં ધનેન ચ ।
આત્મવમાના સંપ્રાપ્તં ન ધનં તત્ સુખાય વૈ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે.

જે સંપત્તિ - ધન-વૈભવ બીજાને પીડા આપીને કોઈનું શોષણ કરીને પ્રાપ્ત કરી હોય તો - અથવા ધર્મનું ઉલ્લંઘન કરીને અર્થાત્ - અધર્મ - પાપ - કર્તવ્ય - ફરજ- નિષ્ઠાનું ઉલ્લંઘન કરીને બે નંબરી આવક મેળવી હોય, કે પોતાના માન-જાતિ - અભિમાન - ગૌરવ - સન્માન ને ગિરો મૂકીને અવમાનના સહન કરીને પણ મેળવી હોય, એટલે કે (આત્મ સન્માનના ભોગે) એવી સંપત્તિ કદાપિ સુખ-શાંતિ આપી શકતી નથી.

આજના કલિયુગમાં બધાને ટૂંકા રસ્તે સિદ્ધિ - સમૃદ્ધિ પ્રાપ્ત કરવી છે ચોરી-લૂંટ-અપહરણ-ખંડણી, હાથમાં કોઈનાં પરિશ્રમની મૂડી ઝૂંટવી લેવી જેવા કિસ્સા રોજ બનતાં રહે છે. આ અધર્મ-પાપની કમાઈ છે બીજાનું શોષણ-દુભવીને કરેલી કમાણી અંતે નૂકશાન કારક છે.

આવી રીતે એકઠી કરેલી કમાણી કરનારાનાં સંતાનો દુરાચારી થાય, ઘરમાં રોગ-કંકાસ-વિખવાદ હોય, સમુદ્રિના ભંડાર ભર્યા હોવા છતાં ઊંઘ-આરામ-ખાવા-પીવાનું અશક્ય બને છે. મહેનત - આત્મસન્માન - સિદ્ધાંત સાચવીને જે જે લક્ષ્મી મળે તે સુલક્ષ્મી કહેવાય છે.

સુવિચાર

- ધર્મ માણસના હૃદયમાં અનંતનું સંગીત છે - **બોધિવૃક્ષ**
- નિંદા-સ્તુતિની બાદબાકી કરવાવાળો મનુષ્ય પોતાની જાતે જ મુક્ત થઈ જાય છે - **વિચારભાવે**
- પ્રેમની સરગમ પરિણામથી બિલકુલ બેખબર હોય છે - **પ્રેમચંદ**
- તમે પરમેશ્વરને ભલે જાણતા ન હો, પણ ઓછામાં ઓછું એનાં લક્ષણોને તો જાણો - **હદીસ બોધ**
- જે કામ શુભ આશયથી કરવામાં આવે છે તે ઈશ્વર અર્થે કરાયેલું કામ હોય છે - **પ્રેમચંદ**
- માણસ પોતાની ખામીઓમાંથી લાભ મેળવી શકે એટલું લાંબુ જીવતો નથી - **બ્લુચેર**
- આજનું ઔષધ : બિલવાદી તેલના ટીપાં કાનમાં નાંખવાથી કાનની બહેરાશમાં સુધારો થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

જર્મન વિચારક અને ચિંતક હેરિગલ પોતાના ઝેનગુરુ પાસે જાપાનમાં રહેતા હતા. એકવાર જાપાનના એક મકાનમાં ત્રીજા માળે એક સત્સંગ સભાનું આયોજન થયું હતું. જ્ઞાનની વાતચીત થઈ રહી હતી તે દરમિયાન અચાનક ધરતીકંપ થવા પામ્યો એ લાકડાનું મકાન હાલડડોલક થવા લાગ્યું. આથી સભામાં એકત્ર થયેલાલોકો અને ખુદ હેરિગલ પણ ભાગવા લાગ્યા. પણ ઝેન ગુરુ આંખો બધ કરીને એમના સ્થાન પર ધ્યાનમગ્ન દશામાં બેસી રહ્યા. હેરિગલે આ દશ્ય જોયું અને તેઓ પણ હિમ્મત કરી ગુરુની બાજુમાં આંખ બંધ કરી બેસી ગયા. પણ તેઓ કંપન અનુભવી ડરી ગયા હતા. બે-ત્રણ મિનિટ બાદ ધરતીકંપ બંધ થયો. એટલે ગુરુજીએ આંખ ખોલી પોતાની અધૂરી વાત આગળ કહેવા માંડી. જાણે કંઈ થયું જ નથી !! હેરિગલે ઝેન ગુરુને આવું વર્તન કરવાનું રહસ્ય પૂછ્યું ત્યારે જવાબમાં ઝેન ગુરુએ કહ્યું, 'ધરતીકંપ હંમેશા બહાર જ થાય છે. તે અંદર સુધી પ્રવેશતો નથી. તેથી તેનું મૂલ્ય મર્યાદિત છે. બહાર બધું થઈ રહ્યું ત્યારે હું ભીતર સરકી ગયો, જયાં કોઈ કંપન કયારેય પહોંચતું નથી. આ જ સમગ્ર આત્મજ્ઞાનની કળા છે. તમે તેમને પરિદ્ધિ સમજો છો એટલે વિચલિત થઈ જાવ છો.'

બળાત્કારી મનોદશાની સઘન સારવાર જરૂરી

મીડિયા પર સનસનાટીપૂર્ણ સમાચારોને અગ્રતા આપવાના આક્ષેપો તથા રહે છે પણ સામે કડવી વાસ્તવિકતા એ છે કે સમાજનું સાચું ચિત્ર દિનપ્રતિદિન હત્યા, આત્મહત્યા અને દુષ્કર્મથી સાંગોપાંગ ખરડાતું જાય છે. સારી ઘટનાઓ નથી બનતી એવું નહીં, પરંતુ રોજના હિસાબે જે નરસી ઘટનાઓ બની રહી છે એના ઓછાયામાં સારી ઘટનાઓ ઢંકાઈ જાય છે. દેખીતું છે કે માણસને સુખશાંતિ પૂર્વક જીવવું ગમે છે પણ સંજોગો જ એવો વરવો અને વસમો વળાંક લે છે ત્યારે એ જ જીવન એને બોજારુપ લાગવા માંડે છે. વલસાડના રેલવે સ્ટેશન પર ગુજરાત ક્વીનની રિઝર્વ્ડ કોચમાંથી એક હોનહાર યુવતીની લશ મળી અને એ પછી એનો તંતુ નવસારી તથા વડોદરા સુધી લંબાયો એ આખી કરુણ ઘટના માંડવાનો અહીં ઉપક્રમ નથી. પ્રશ્ન છે એક આશાસ્પદ યૌવનને અકાળે અંત આવી ગયો એની પડછે છુપાયેલી મનોદશાને શી રીતે બદલવી, તે યુવતી તો પોઝિટિવિટીના પાઠ શીખતી હતી. અને એનાં માતાપિતા કહે છે એમ લેખિકા બનવા માગતી હતી. એ કોઈ પણ સંજોગોમાં હતાશ નહીં થવાની વાતો કરતી હતી. જીવનને માણવાની અને મંગલમય બનાવવાની એની મહેચ્છા ઓચિંતી જ અવળી દિશામાં ફરી ગઈ અને બીજા લોકોને ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં ટકી રહેવાની શિખામણ આપનારી એ બુદ્ધિમાન દીકરીને પોતાની જ જિંદગીનો ભાર ના વેઠાયો. ધનતેરસના દિવસે એનું અપહરણ કરી બે બદમાશોએ એની આબરૂ લૂંટી એ પછી એનો 'જીવન' નામની ઘટનામાંથી સદંતર વિશ્વાસ જ ઊઠી ગયો. એણે પોલીસ ફરિયાદ કરવાની પણ હિંમત ન દાખવી અને ચુપચાપ સ્યુસાઈડ નોટની ડાયરી લખીને ટ્રેનમાં ચડી ગઈ જે એની અંતિમ યાત્રા બની ગી. આવી આશાસ્પદ જિંદગીનો આવો કરુણ અંજાર પથ્થરદિલને પણ ન પીગળાવે તો જ નવાઈ. પોલીસ કદાચ ગુનેગારોને ઝડપી પણ લેશે અને અદાલત એમને શક્ય એટલી ઝડપે કેસ ચલાવી યોગ્ય સજા પણ કરશે, પંરતુ એથી પેલી 'સંભવિત લેખિકા' થોડી પાછી આવશે ? એ તો હરહંમેશને માટે પોઢી ગઈ.

તંત્રીસ્થાનેથી...

એના જવાથી એનાં પ્રેમાળ માતાપિતાનું જીવતર ઝેર થઈ ગયું એ તો ખરું જ; સાથે સરકારથી લઈ સમાજના છેવાડા માનવી સુધી એક વણઊકેલ્યો કોયડો મૂકતી ગઈ છે. દિલ્હીના બહુચર્ચિત નિર્ભયાકાંડ પછી દુષ્કર્મ મુદ્દે થયેલ કડક કાર્યવાહી અને દુષ્કર્મની વ્યાખ્યામાં થયેલ ફેરફાર કે કડક કાનૂન છતાં આવી દુર્ઘટનાઓ અટકી નથી અને કદાચ ભવિષ્યમાં અટકશે પણ નહીં. કામવાસના કોઈને કોઈ માર્ગ શોધી લે છે, પછી ભલે એ ગેરકાયદેસર હોય અને એથી ફાંસી કે જનમટીપ જેવી સજા થવાની હોય એટલે કયારેક તો એમ લાગે કે વિદેશમાં છે એવી અધિકૃત દેહવ્યાપારની વ્યવસ્થા આવી દુર્ઘટનાઓ અટકાવવામાં કેટલેક અંશે મદદરુપ થઈ શકે. આદર્શો તો પોથીમાં રીંગણાં જેવા જ બની રહે છે. કામનો એરુ ફંફાડે ચડે છે ત્યારે એવી વ્યક્તિને નથી રહેતો વિવેકનો ખ્યાલ કે નથી લોહીની સગાઈ અથવા સામી વ્યક્તિની ઉંમરનો અંદાજ રહેતો. સગો બાપ એની દીકરી સાથે દુષ્કર્મ કરી બેસતો હોય ત્યાં સરકાર શું કરી શકે? સાવ માસૂમ બાળાઓને લલચાવીને દુષ્કર્મ થતાં રહે છે અને પછી એમનાં ગળાં રહેંસી દેવાય છે. હિંદુસ્તાન ગરમ પ્રદેશ છે. આહારવિહાર સાથે આચારવિચાર બદલાયા છે. પૂર્વે કુટુંબભાવના હતી, સમાજની ધાક હતી, મર્યાદા હતી તે લોપાઈ છે. એમાં આધુનિકતા અને ભૌતિક સંશાધનોએ પેટ્રોલ છાંટવા જેવું કામ કર્યું છે. સ્ત્રીઓ બહાર નીકળે છે, એકલી ફરે છે અને આકર્ષક લાગવા પ્રયાસ કરે છે. ધૂંધવાયેલા ભૂખ્યા વરુ જેવા પુરુષને ત્યારે વિવેકભાન નથી રહેતું. સુભાષિતમાં કહેવાયું છે એમ ઘુવડ દિવસે જોઈ શકતો નથી, કાગડો રાત્રે ભાળતો નથી, પણ 'કામાંધ' તો દિવસે અને રાતે - કોઈ પણ સમયે આંધળો હોય છે. આશ્ચર્ય થશે પણ આયુર્વેદ કે એલોપથીમાં કામેચ્છા જગાડનારાં ઔષધો તો છે પરંતુ કામનું શમન કરનારી દવા શોધાવી હજી બાકી છે. કામસક્ત મનોદશાને માત્ર સમ્યક સાઈકોથેરાપીયુક્ત જીવનશિક્ષણ દ્વારા જ બદલી શકાશે, કાયદાથી નહીં.

ઉષાબહેન જેવા કર્મઠ - સંન્નિષ્ઠ જાજરમાન, ઋજુ, સાદગીથી શોભતા આવા વ્યક્તિત્વો દ્વારા થયેલી શબ્દ સાધનાના દીવડા પ્રગટે ત્યારે અજવાળા રેલાય છે

'એમનો વર્ગ અમે વિદ્યાર્થીકાળમા કયારેય છોડ્યો નથી.'

'એમણે સાહિત્ય ક્ષેત્રે ભગીરથ કામ કર્યું છે.'

'એમના દીકરા-દીકરીને આવ્યો એટલો જ પ્રેમ અને વાત્સલ્ય વિદ્યાર્થીઓને આપ્યા છે.'

આ અને આવા અનેક વાક્યોમાં જે સંવેદના વ્યક્ત થઈ એના કેન્દ્રમાં હતા ગૂજરાત વિદ્યાપીઠમાં ગુજરાતી વિભાગમાં સુદીર્ઘ સેવા આપીને નિવૃત્ત થયેલા સાહિત્યકાર અને કેળવણીકાર, કવયિત્રી ડૉ. ઉષા ઉપાધ્યાય.

સાહિત્યના વિવિધ પ્રવાહોમાં એમણે કરેલા યશસ્વી પ્રદાન, વિદ્યાર્થીઓ પ્રત્યેની એક ઉત્મ કેળવણીકાર તરીકેની નિષ્ઠા અને તેમના વ્યક્તિત્વના વૈવિધ્યપૂર્વ પાસાઓના સંદર્ભમાં એ કાર્યક્રમમાં ઉપસ્થિત ગુણીજનો - મહાનુભાવો અને વિદ્યાર્થીઓએ પોતાની લાગણી પ્રગટ કરી એમાં ઉષાબહેનની શબ્દ અને વિદ્યાર્થીઓ પ્રત્યેની પ્રીતિ પ્રતિબિંબિત થતી હતી.

અમદાવાદમાં ઓકટોબર-૨૦૨૧ના અંતિમ દિવસોમાં યોજાયેલા અભિવાદન સમારોહમાં ઋતંભરા પ્રજ્ઞાઃ ઉષાબહેન ઉપાધ્યાય અભિવાદન ગ્રંથનું વિમોચન પણ કરાયું હતું. અપૂર્ણ અને યાદગાર સાંસ્કૃતિક ઘટનારુપ બની રહ્યો હતો આ કાર્યક્રમ.

ઉંમરના પાંસઠમાં વર્ષે નિવૃત્તિ જ જાણે ઉષાબહેન માટે પ્રવૃત્તિનો ઉત્સવ હોય એમ હજી પણ સાહિત્ય ક્ષેત્રે કંઈ કેટલુંયે કરવાની તમન્ના છે ઉષાબહેનમાં. રાજકોટ, જૂનાગઢ, ભાવનગર અને અમદાવાદમાં આવીને ગુજરાત વિદ્યાપીઠમાં સ્થિરતા અને દૃઢતાથી, નિર્ધારિત લક્ષ તરફ, સ્વને સંતોષ થાય એ રીતે સતત કાર્ય કરતા રહ્યા છે ઉષાબહેન.

એમના વ્યક્તિત્વમાં સતત સ્ફૂર્તિ, તાજગી, લાવણ્ય અને હસમુખાપણું ઝલકતું રહે છે. વિદ્યાર્થીઓ માટેનો વાત્સલ્યભાવ, તેમની સાથેના કામ કરનારા પ્રત્યેનો સૌમ્ય અને સ્નેહાળ સ્વભાવ અને લેખનમાં સમાયેલી તેજસ્વીતા તથા મંચ પરની પ્રસ્તુતિમાં નોખી પ્રભાવકતા તંમેશા અનુભવવા મળી છે.

અજવાળું - અજવાળું
તુષાર જોશી

ગુજરાત વિદ્યાપીઠમાં સુદીર્ઘ સેવા આપનાર ઉષાબહેન કહે છે કે 'ચારે બાજુ ઘુઘવતા ભૌતિક સંસાધનોના મહાસાગરમાં ધબકતી જીવંત તપોભૂમિ એટલે ગુજરાત વિદ્યાપીઠ.' અહીં જાણવા આવતા ગ્રામ્ય વિસ્તારના વિસ્તારના વિદ્યાર્થીઓને પોતાને પણ ખબર ન પડે એમ એમની ફી ભરીને એમનો અભ્યાસ ટકે એવો પ્રયાસ તેઓએ કર્યો હતો. એણને મન ખાદી એ માત્ર વસ્ત્ર નહીં પણ એક આદર્શ વિચાર છે, જીવનશૈલી છે. વહેલી સવારે જાગીને નિયમિત લેખનકાર્ય કરતા રહે છે. વિવિધ કાર્યક્રમો માટે પ્રવાસ કરતા રહે છે અને પ્રાકૃતિક - આધ્યાત્મિક સ્થળોની યાત્રા પણ કરતા રહે છે. ગુજરાતી સર્જકો માટે ઉપકારક એવો 'છંદ શાસ્ત્ર' નો સર્ટીફીકેટ કોર્સ પણ એમને શરૂ કર્યો હતો. એક શિક્ષક માત્ર નહિ માતૃ સ્વરુપા રુપે એમણે વિદ્યાર્થીઓને ઓળખ્યા - સમજ્યા અને સાચવ્યા જેથી આજે તેમનો સર્વાંગી વિકાસ પણ થયો છે અને યોગ્ય કારકિર્દી પર ઘડાઈ છે.

એમના કાવ્યસંગ્રહો, સંશોધન ગ્રંથો, સંપાદન અને વિવેચન ગ્રંથો, એકાંકી નાટકો, અનુવાદ વગેરે થઈને ૪૦થી વધુ પુસ્તકોમાં સર્જક તરીકેની એમની ભાવ સંવેદના પ્રગટતી રહે છે.

વર્ગખંડ બહારનું એમનું મહત્ત્વનું પ્રદાને તે 'જુઈ મેળો.' ગુજરાતના જ નહિ ભારતમા ને વિદેશમાં વસતી કવયિત્રીઓને સંગઠિત કરીને ઉષાબહેને એમના સર્જકો લોકો સુધી પહોંચાડવા પ્લેટફોર્મ આપ્યું.

ઉષાબહેને જે લખ્યું છે 'શબ્દોએ મને અધરાત - મધરાત જગાડી છે. એસ.ટી. બસની ભીડમાં મારી સાથે અડો જમાવ્યો છે અને કદીક રોજિંદી ઘટમાળના ચકનો એક નિર્જીવ પૂર્જો બની જવાની અણી પર હું હોઉ ત્યારે સાદ કરીને મને સંભાળી લીધી છે. શબ્દથી વધારે નરવું અને ગરવું સત્ય મને સચરાચરમાં કયાંક લાધ્યું નથી.'

ઉષાબહેન જેવા કર્મઠ - સંન્નિષ્ઠ જાજરમાન, ઋજુ, સાદગીથી શોભતા આવા વ્યક્તિત્વો દ્વારા થયેલી શબ્દ સાધનાના દીવડા પ્રગટે ત્યારે અજવાળા રેલાય છે.

મેં ભી મુંહ મેં ઝબાન રખતા હૂં, કાશ પૂછો કી મુદ્દા ક્યા હૈ : ગાલિબ

મુસિબત જ એ છે ને યાર કે ક્યાં કોની સાથે કેવો વ્યવહાર કરવો તેની પળોજણ હંમેશા હોય છે. સાચે જ યાર ! અહીંયા સૌથી મોટી મુશ્કેલી જ આ છે, કે કયારે, કયો વ્યક્તિ કયું મ્હોરું પહેરીને આપણી સામે ઊભો રહેશે એ સાલી ખબર જ નથી પડતી...

વડીલો કહી ગયા કે, હંમેશા સત્યના માર્ગે ચાલો, સદાય ધર્મમય બનો, પણ તેમને કેવી રીતે સમજાવવા કે હવે સમય બદલાઈ ગયો છે, એક જ રસ્તે ચાલી શકાય તેવો સમાજ અને સમાજના લોકો રહ્યા નથી.

હા! આદર્શવાદી, સત્યનિષ્ઠ અને સદાચારી લોકો આ 'નરો વા કુંજરો વાલ્ય વાળા માર્ગને છટકબારી તરીકે ઓળખાવશે અને ઉપદેશ પણ આપી દેશે કે એવું કશું અશક્ય આ દુનિયામાં નથી જે ન કરી શકાય. આપણે સત્ય અને અહિંસાના માર્ગે ચાલી જ શકીએ.

ત્રેતાયુગમાં સત્યવાન, ધર્મવાન યુધિષ્ઠિરને પણ જા 'નરો વા કુંજરો વા' કરવું પડતું હોય તો આજના કલિયુગમાં મારા-તમારા જેવા પામર મનુષ્યો માટે તો એકધારું સત્યના માર્ગે ચાલવું અશક્ય જ બની રહે ને !

માટે જે ધર્મધુરંધર અને સત્યાગ્રહી વ્યક્તિઓને લાગતું હોય કે ગમે તે પરિસ્થિતિમાં અમે તો અટલ અચળ બનીને, યુધિષ્ઠિરથી પણ સવાયા બનીને, સતત સત્યના માર્ગે ચાલી શકીએ છીએ, તેવા ધુરંધર વ્યકિતત્વ આ પામર માનવે લખેલ લેખ ન વાંચે. આ વાત તો મારા જેવા અઢળક સાધારણ લોકો માટે છે, જેઓ વારંવાર એવી અવઢવમાં અટવાઈ પડતા હોય છે કે, અત્યારે સત્ય ઉચ્ચારવું, અર્ધસત્ય ઉચ્ચારવું કે અસત્યનો આશરો લેવો ?

ના ના ! બહુ ભારેખમ અને ગહન દાર્શનિક વાત નથી કરવી. ખૂબ જ સરળ વાત છે. આપણું અસત્ય કયારેક આપણી માટે ખૂબ આવશ્યક હોય છે. કોઈ જડસુ અને અવાસ્તવવાદી પરિસ્થિતિઓમાં આપણું અસત્ય ભાષણ વરદાનરુપ બની જાય છે.

બસ મુશ્કેલી એ છે કે, આવી પરિસ્થિતિઓને ઓળખવામાં કાં તો આપણે થાપ ખાઈ જઈએ છીએ, અથવા તો વારંવાર આવી પરિસ્થિતિવશ લાચાર બની જવાની ટેકણ લાકડીનો ઉપયોગ કરવાની કુટેવ પડી જાય છે.

માનવસહજ દોષ તો આમાં આપણા બધાનો રહેવાનો જ છે. પરંતુ બીજી કપરી બાબત એ છે કે, જિંદગી એક જ પરીક્ષા અલગ અલગ અભ્યાસક્રમ સાથે વારંવાર લે છે, એટલે આગળની પરીક્ષામાં જે સમજથી જવાબ આપ્યા હોય તે જ પદ્ધતિ જો બીજી વખત વાપરવા જઈએ તો ખતા ખાવી પડે છે.

જેમ કે, એક જ વ્યક્તિ આપણી સમક્ષ આપણા જીવનમાં કયારેક ખૂબ ઉપયોગી લાગતી હોય પરંતુ તે જ વ્યક્તિ અને પરિસ્થિતિ આપણી સમક્ષ થોડા અણગમતા ચહેરા સાથે આવે ત્યારે તત્કાલ પ્રતિક્રિયા આપીને તેની સાથે ઘર્ષણમાં આવી જવું કે પછી ખતા ખાઈ જઈને સહન કરી લેવું, તેવી અવઢવ થતી હોય છે.

સામા વ્યક્તિની સાચી ઓળખ આપણે મેળવી લીધી છે કે પછી ઉપલક દૃષ્ટિએ જ આપણે ત્વરિત નિર્ણય પર પહોંચી ગયા છીએ તે આપણે સ્વયં નક્કી કરવું પડતું હોય છે, અને આ જ 'જો અને તોલ્ય વાળી પળોમાં આપણે કોઈને કોઈ ઉતાવળીયો ખોટો નિર્ણય લઈ લેવાની મૂર્ખામી કરી બેસીએ છીએ.

ઘણીવાર ત્વરિત પ્રતિક્રિયા ન આપીને કાયરમાં ખપાવાની ભીતિ પણ હોય છે, ચોક્કસ આઘાત સામે પ્રતિઘાત ન આપીને ઘણીવાર આપણે આપણી જાતને છેતરાયેલ કે અશક્ત માનતા હોઈએ છીએ. ચૂપ રહેવું એ નિર્બળતા નથી હોતી પરંતુ બમણી તાકાત પણ હોય છે.

વિચારયાત્રા
ડો. જય ઓઝા

આપણે ઉતાવળ કરીને કોઈ નિર્ણય પર પહોંચી જઈએ, અને કદાચ પરિસ્થિતિવશ કોઈ સ્વજન કોઈ વખત આપણાં આકલન મુજબ ન વર્તે ત્યારે દુઃખી થઈને જજમેન્ટલ બન્યા વગર મૌન રહીને પરિસ્થિતિને તાગવી જોઈએ.

અગાઉ કહ્યું તેમ આપણા મૌનને આપણી નબળાઈ માની લેવામાં આવે તો મૂંઝાવું નહીં. કારણ કે જો કોઈકે માત્ર ને માત્ર સંજાગાવશાત્ જ આપણા તરફી અણછાજતું વર્તન કર્યુ હોય તો તેમને માફ કરવા જાઈએ. અને જો કોઈ વારંવાર આપણું અપમાન કરતું હોય, અને એકાધિક વખત તેમનું અતડાપણું આપણને આહત કરતું હોય તો પણ તેવા વ્યક્તિ પ્રત્યે કોઈ જ પ્રત્યાઘાત આપવાનું કોઈ કારણ નથી. કોઈ મતલબ જ નથી એવો સ્વાર્થી અને દોગલા વ્યક્તિ માટે આપણી કોઈ પણ ભાવના વ્યક્ત કરવાનું. ઘૃણા, ગુસ્સો જેવી ભાવના પણ તેમના તરફ વ્યક્ત કરીને આપણે તેમને મહત્ત્વ આપીએ તેના કરતા તો તેમને નજરઅંદાજ કરવા એ જ આપણી માટે હિતકારક છે.

બોલવામાં ચબરાક હોય એવા આખું બોલનારાને સમાજ હોંશિયારની ઉપાધિ આપે છે, જ્યારે ગમ ખાઈ જઈને સંબંધોને સાચવી લેવા માટે ચુપ રહી જનાર વ્યક્તિને સમાજ ઢીલો અને કાયર માને છે. સમાજ તો માને જ માને પરંતુ તેના અંગત સ્વજનો પણ તેના આ ચૂપ રહેવા પર તેનું ઢીલાપણું માની લે તે યોગ્ય નથી.

આવું વખ ઘોળીને પીવાવાળા લોકોનો જ્યારે બાંધ તૂટે છે ત્યારે તેમાં ઘણું બધું તણાઈ જાય છે.

ખરેખર તો આ મતલબી દુનિયામાં જે થોડા ઘણા સંબંધોની રંગોળી દેખાઈ રહી છે તે માત્ર ને માત્ર જતું કરી દેનારા અને સામો જવાબ ન આપનારા આવા ઢીલા લોકોના કારણે જ શક્ય બન્યું છે જ્યારે ને ત્યારે તડ અને ફડ જવાબો આપી દઈને સર્વત્ર અપ્રિય થઈ જનારા અને કોઈની સાડાબારી ન હોય તેવો ભાવ રાખનારા લોકો દ્વારા સમાજ ક્યારેય સુંદર દેખાતો નથી જ.

- jayuoza@gmail.com, Mo.9898046488

બહુ ઓછા લોકો રોજનીશી લખવાની વાતને વળગી રહેતા હોય છે

દિવાળી એટલે મળવાનો મહિમા. મિત્રો, સગાવહાલા સૌ કોઈ એકમેકને મળીને સંબંધોનો સેતુ વધુ બળવાન બનાવે છે. બે મિત્રો દિવાળીની રજાઓમાં મળ્યા. બંને બહુ સારા વાંચકો. એક મિત્રએ બીજાને પૂછ્યું , 'યાર, કેવી રહી દિવાળીની રજાઓ ? આજકાલ શું વાંચી રહ્યો છે ?' બીજા મિત્રએ કહ્યું, 'એપલના સંસ્થાપક વિશે સીએનએનના ચેરમેન વોલ્ટર ઈશાકસને લખેલી બાયોગ્રાફી વાંચી રહ્યો છું. ખૂબ મજાની વાત છે.' પેલા મિત્રએ કહ્યું, 'ભાઈ, તું તો હંમેશા આત્મકથાઓ જ વાંચતો હોય છે. આ તો કેવો શોખ ?' પેલા મિત્રએ જવાબ આપ્યો, 'દોસ્ત, આત્મકથાઓ એક જબરજસ્ત પ્રેરણાસ્ત્રોત બને છે. ખૂબ શીખવા, સમજવા અને જાણવા મળે છે.'

આ બે મિત્રોની સહજ ચર્ચામાં આત્મકથાના વાંચનનું મહત્વપૂર્ણ પાસું ઉજાગર થાય છે. જાણીતા લેખક, ચિંતક અને વિચારક પોલ જોન્સના મંતવ્ય અનુસાર જગતના મહાન, જાણીતા અને ચર્ચિત લોકો તેમના વાસ્તવિક જીવનમાં કેટલી હદે સામાન્ય જીવન જીવતા હોય છે એનો અંદાજ આત્મકથા વાંચીએ ત્યારે આવે. જોન્સના પુસ્તક 'ઈન્ટેલેક્ચ્યુઅલ્સલ્લમાં એ લખે છે કે, જેટલું ચમકે એ બધું જ સોનું નથી હોતું. આપણે મહાન વ્યક્તિ માટે પાળી રાખેલો ભ્રમ આત્મકથાના વાંચનથી દૂર થઈ શકે છે.

આત્મકથા, ચરિત્રસંગ્રહ, ચરિતાવલી, આત્મગણના કે આત્મમહિમા જે કહો એ, પરંતુ આ પ્રકારનું લખાણ સાહિત્યનું અદભુત અને અદમ્ય સ્વરૂપ છે. આમ તો આત્મકથાને નવલકથા જેવું જ સાહિત્ય સર્જન સમજવું જોઈએ. આત્મકથાનું પ્રથમ પુરુષ એક વચનમાં લખાતું વૃતાંત વાચકોને જકડી રાખે છે. વ્યક્તિના અંગત જીવનમાં થયેલા અનુભવોની વાતનું નિરૂપણ આત્મકથાનું મૂળ પોત હોય છે. ગુસ્ફોર્ડના મતે આત્મકથા એક ગઝલ અને કાવ્ય જેવી હોય છે. એમાં થતું નિરૂપણ અર્થસભર હોય એ એની પૂર્વશરત છે. આત્મકથાના લેખનની નવલિકાલેખન સાથે કદાચ એટલા માટે સરખામણી થતી હોય છે કે, બન્ને પ્રકારના લેખનમાં પ્રસંગો ટપકાવવામાં આવતા હોય છે. આત્મકથા લેખનમાં નવલિકાની જેમ પાત્રાલેખન, સંવાદ, ઘટના, સંબંધોની સંકુલતા અને વિવિધતાનું નિરૂપણ કરવામાં આવતું હોય છે.

એ પણ એટલી જ વાસ્તવિકતા છે કે, આત્મકથા લેખક પોતાના જીવનની ઘટના અને એમાં સમાયેલી પ્રતિકાત્મક વાત વચ્ચે સમન્વય ન સાધી શકે તો, આત્મકથા સાહિત્યિક રીતે ઊણી ઊતરે છે. પોતાના જીવનવૃતાંતનું આલેખન એટલે ભૂતકાળને સજીવન કરવાનો શ્રેષ્ઠ માર્ગ. જ્યારે ભૂતકાળને સજીવન કરવા માટે લેખન કરવામાં આવે ત્યારે એ લખાણ જીવંત બની જવું જોઈએ. આત્મકથા વ્યક્તિના જીવનમાં બનેલી વાતનું માત્ર નિરૂપણ ન બની રહેવું જોઈએ. જ્યારે આત્મકથા લેખનમાં

કોઈ પ્રસંગને વધુ બહેલાવાય, સહેલાવાય, સજાવાય ત્યારે આત્મકથા કંટાળાજનક બની જતી હોય છે. જાણીતા ચિંતક ડૉ. સેમ્યુઅલ જોન કહે છે કે, પ્રત્યેક વ્યક્તિ સ્વયં જ તેના જીવનની વાતને સારી રીતે સમજી શકતો હોય છે. એટલે જ એ પોતે આત્મકથાના લખાણને ઉત્તમ ન્યાય આપી શકે છે.

આત્મકથા લેખકના જીવનની ઘટનાઓના નિરૂપણનો દસ્તાવેજ માત્ર નથી. એમાં તત્કાલિન સમાજ જીવનની ઝાંખી સુપેરે જોવા મળે છે. ગુજરાતી સાહિત્યમાં આત્મકથા અને ચરિતાત્મક લેખન સિમિત માત્રામાં થયું છે. પરંતુ જે કાંઈ પણ થયું છે તે ઉત્તમ ગુણવત્તામાં પ્રસ્તુત થયું છે. નર્મદની 'મારી હકીકત' આત્મકથાને ગુજરાતી ચરિત્ર લેખનનો પ્રથમ પ્રયોગ માનવામાં આવે છે. નર્મદે 'મારી હકીકત'માં તેના જીવનની મહત્વની ઘટનાઓનું જે નિરૂપણ કર્યું છે તેમાં તત્કાલિન ગુજરાતી સમાજ જીવનની જાણકારી પ્રસ્તુત થઈ છે. બિલકુલ એ જ પ્રમાણે મોરારજી દેસાઈ, ઈન્દુલાલ યાજ્ઞિક, મૌલાના આઝાદ જેવા વ્યક્તિ વિશેષના જીવન ચરિત્રમાંથી જે તે સમયના સમાજ જીવનને સમજવાનો અવસર પ્રાપ્ત થાય છે. બર્ટાન્ડ રસેલની આત્મકથામાં ૨૦મી સદીના રૂઢીચુસ્ત બ્રિટનની વાત જાણવા મળે છે.

આત્મકથામાં ભાવના અને શબ્દોના સામંજસ્યથી તે વાંચનપ્રિય બનતી હોય છે. કાકાસાહેબ કાલેલકરની 'સ્મરણ યાત્રા' હોય કે જયંત પાઠકની 'વનાંચલ' હોય, કનૈયાલાલ મુનશીની 'સ્વપ્રસિદ્ધિની શોધમાં' હોય કે, પંડિત સુખલાલની 'મારું જીવન વૃતાંત' હોય કે પછી ગાંધીજીની 'સત્યના પ્રયોગોલ્ય હોય. આવા જીવન વૃતાંતો એકવાર હાથમાં લીધા પછી પુરું કર્યા વગર મુકવાની ઈચ્છા ન થાય.

ઈતિહાસકારોના મતે દુનિયાની સૌથી પ્રથમ આત્મકથાનું લેખન સને ૧૩૬૨માં સ્પેનીશ ભાષામાં થયું હતું. મજાની વાત તો એ પણ છે કે, મહાન યોદ્ધા જુલીયર સીઝરે નવ નવ વર્ષો સુધી તેના લશ્કરના જવાનો સાથે સમય ગાળ્યો હતો. સીઝરે તેને સુંદર શબ્દદેહ આપી દસ્તાવેજીકરણ કર્યું છે. સીઝરના અનુભવોની આ રસધાર વાચકોને મંત્રમુગ્ધ કરવા પુરતી છે. આત્મકથા લેખનની સૌથી પાયાની બાબત સત્ય સાથેની વફાદારી છે. ટોલ્સટોય કહેતા કે, 'મારી કથાનો નાયક હંમેશા માટે સત્ય જ હોય છે.' ટોલ્સટોયના આ વિધાન સાથે ગાંધીજીના જીવનવૃતાંત 'સત્યના પ્રયોગો' બિલકુલ ફીટ બેસતી હોય એમ લાગે છે. ગાંધીજીએ તો એમની આત્મકથાનું નામ જ 'સત્યના પ્રયોગોલ્ય આપ્યું છે. આ સંદર્ભમાં નર્મદે 'મારી હકીકત'ના પૃષ્ઠ નંબર બે ઉપર લખ્યું છે કે 'જે જે પણ હું લખીશ તે મારી જાણ પ્રમાણે સાચે સાચું જ લખીશ પછી ભલેને સારું હોય કે નરસું. લોકોને પસંદ પડે કે ન પડે.'

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

સત્યની નિખાલસ કબુલાત આત્મકથાનું મહત્વનું અંગ છે. બર્નાર્ડ શૉ કહેતા કે, સૌથી શ્રેષ્ઠ આત્મકથા એ છે કે, જેમાં નિખાલસ કબુલાતોનું વર્ણન હોય. રૂસોએ તો એમની આત્મકથાનું નામ જ 'કન્ફેસન્સ' આપ્યું છે. સત્ય, નિખાલસતા અને પ્રસંગો પ